વિશ્વભરમાં સૌથી જાજરમાન છું,
નામ ભારત છે, હું હિન્દુસ્તાન છું!

મારું સરનામું તો જગજાહેર છે,
હું ગઝલના ગામની પહેચાન છું!

ના, નથી મારે કશી બીજી અટક,
એ જ કાફી છે કે હું ઇન્સાન છું!

તું મને દિલમાં ઉતારો આપને,
હું મોહબ્બતદેશનો મહેમાન છું!

કોણ આવીને મને પૂરો કરે,
હું કોઈની આશ છું, અરમાન છું!

સાથે રહેશો ત્યાં લગી ઠંડી હવા,
સામે પડશો તો ગજબ તૂફાન છું!

એ ખલીલ આવી જશે મળવા મને,
એમના માટે જિગર છું જાન છું!

■

શાહજાદીએ પૂછ્યું કુંવર આપણે,
પામશું ક્યારે પોતાનું ઘર આપણે!

આપણે એકબીજાંથી રૂડા છીએ,
કંઈ નથી એકબીજાં વગર આપણે!

લાખ ઘટના બની લાખ બનશે હજી,
ક્યારે રાખી છે ચિંતા-ફિકર આપણે!

ઝેર જેવા પ્રસંગો પચાવી ગયાં,
તો જ સાથે રહ્યાં ઉમ્રભર આપણે!

આપણા ઘર સરીખું તો ઘર ક્યાં મળે,
જોઈ નાખ્યું છે આખું નગર આપણે!

આપણો આત્મવિશ્વાસ ના તોડશો,
ચાલશું કોના વિશ્વાસ પર આપણે!

છો ખલીલ ઈર્ષાખોરો ગમે તે કહે,
ના થવા દઈએ દિલ પર અસર આપણે!

■

થઈને આવી તો હતી મહેમાન ગુજરાતી ગઝલ,
લઈ લીધું તેં મોખરાનું સ્થાન ગુજરાતી ગઝલ!

તેં મને આપી નવી પહેચાન ગુજરાતી ગઝલ,
તેં મારાં પૂરાં કર્યાં અરમાન ગુજરાતી ગઝલ!

મેં પ્રિયતમાને જે કહેવું'તું કહ્યું જાહેરમાં,
આ રસમ માટે તારો અહેસાન ગુજરાતી ગઝલ!

શાહજાદાઓને તેં શિખવાડી મોઘમ ગુફ્તગૂ,
છે કલાપીનું તને વરદાન ગુજરાતી ગઝલ!

હા, અધૂરી રૈ' જતે મારા જીવનની વારતા,
તેં મને આપ્યું અનુસંધાન ગુજરાતી ગઝલ!

બાલાશંકરથી લઈ, મારી કલમ લગ આવતાં,
કેટલું વેઠ્યું છે તેં તોફાન ગુજરાતી ગઝલ!

તારી સામે ભલભલી તલવાર રણઝણતી રહી,
તો ય તેં છોડ્યું નહીં મેદાન ગુજરાતી ગઝલ!

હા ખલીલ ઉર્દૂ ગઝલને ખૂબ ચાહે છે છતાં,
થઈ ગયો છે તારા પર કુરબાન ગુજરાતી ગઝલ!

■

પહેલવે'લી મળી'તી નજર આપણી, પ્રેમની એ શરૂઆત ભૂલી ગયા,
હોઠ કંપીને જંપી ગયા કે તરત આંખો આંખોમાં થઈ વાત ભૂલી ગયા!

ભાવમાં કાળજાનો ઉમળકો હતો, સ્મિત રમતું હતું શબ્દનાં હોઠ પર,
વાત કહેવાનો અંદાઝ રેશમ સમો, એ સુંવાળી રજૂઆત ભૂલી ગયા!

મેં કહ્યું કે કયા નામે બોલાવું હું, આપ બોલ્યા ગઝલ નામ ગમશે મને,
યાદ રાખ્યું ના એમાંનું કંઈ પણ તમે, એ મિલન એ મુલાકાત ભૂલી ગયા!

ઊડતાં ઊડતાં અચાનક એ બે પાંદડાં એકબીજાંની નજદીક આવી ગયા,
એ મિલન પણ અકસ્માત જેવું હતું, ને તમે એ અકસ્માત ભૂલી ગયા!

એ રસમ, એ રિવાજો એ રૂઢિપ્રથા ના, તમે પણ અમિતા! ન તોડી શક્યા!
ભેટ દુનિયાની આખર કબૂલી લીધી, ને મોહબ્બતની સોગાત ભૂલી ગયા!

ક્યાં મળ્યાં, ક્યારે છૂટા પડ્યાં આપણે, કેવા સંજોગ આવ્યા શું ઘટના હતી,
એ બધું યાદ તમને હશે તો ખરું, પણ અમે તો એ આઘાત ભૂલી ગયા!

મેં તમારા એ વણબોટ્યા કૌમાર્યની દિલથી પૂજા કરી એનું રક્ષણ કર્યું,
મારી સાથે તમે જે ગુજારી હતી, એ કુંવારી હતી રાત ભૂલી ગયા!

વામણાઓએ ઊંચી કરી એડીઓ એ હવે જોને અધવચ્ચે લટકે બધા,
આપણી હદમાં રહીએ ખલીલ આપણે, એ ભલે ખુદની ઓકાત ભૂલી ગયા!

■

શી ઉતાવળ છે શ્વાસ ઠરવા દો,
સાયબા, થાક તો ઊતારવા દો!

હું દુવાઓનું કર્જ પણ ચૂકવીશ,
મારો કપરો સમય ગુજરવા દો!

મારી ઇચ્છાને આમ ના મારો,
એની મેળે જ એને મરવા દો!

હું તો ખુશબૂ છું, સૌને ખપ લાગું,
હરતીફરતી હવામાં ફરવા દો!

શાયરી પ્રેમની છે પયગમ્બર,
બસ મને શાયરી જ કરવા દો!

ખૂબ વાતાવરણ કલુષિત છે,
વાયરાને જરા સુધરવા દો!

બસ ખલીલ આજના દિવસ માટે
મારી ગઈ કાલને વિસરવા દો!

જ્યાં અકલમંદીમાં પણ દીવાનગી હોતી નથી,
પ્રેમ કરવાની એને પરવાનગી હોતી નથી!

અહિ સંબંધોમાંય છાનાંછપનાં બાકોરાં પડ્યાં,
ખાનગી વાતોય છેવટ ખાનગી હોતી નથી!

મર્દ છો તો જિન્દગી સાથે વફાદારી કરો,
બેવફાઈમાં કશી મર્દાનગી હોતી નથી!

કોઈ પણ ઘટના નથી ચોંકાવતી કોઈને પણ,
કોઈની આંખોમાં પણ હેરાનગી હોતી નથી!

શું ખુશામતખોરોએ કરગરવા માંડ્યું છે બધે,
આજ્ઞા હોતી નથી, ફરમાનગી હોતી નથી!

રોજ સાંજે યાદોનો મેળો ભરાતો હોય છે,
મારી એકલતામાં પણ વેરાનગી હોતી નથી!

લો ખલીલ આવો ગઝલ ચાખો, પછી કહેશો તમે,
આવી તો કંદોઈને ત્યાં વાનગી હોતી નથી!

■

હું જીવું છું હજી એ જ પૂરતું છે બસ એ ન પૂછો કે કેવું જીવાયું હતું,
યાર હસવાની તો દૂરની વાત છે, રડવા જેવું ય ક્યારે રડાયું હતું!

હાથ ઝાલીને ચાલ્યાં હતાં તો ય ક્યાં બંને વચ્ચેનું અંતર કપાયું હતું,
આપણે એકબીજાને ભેટી પડ્યાં, દિલથી તો દિલ સુધી ક્યાં જવાયું હતું!

ડાળે બાંધી દુપટ્ટાનું ખોયું અને, માએ સુવડાવી દીધું હતું બાળપણ,
હિંચકો નાખ્યો હતો વાયરાએ અને પાંદડાંઓએ હાલરડું ગાયું હતું!

જિન્દગી ગીત સંગીત જેવી હતી, સૂર અને તાલ શ્વાસોએ પૂર્યા હતા,
જેવું આવડ્યું એવું વગાડ્યું હતું, જેવું આવડ્યું એવું ગવાયું હતું!

ત્રાંસી નજરે તેં મારા તરફ જોઈને, સ્મિત ફેંક્યું હતું યાદ છે કંઈ તને,
તારે માટે તો એ મોજમસ્તી હશે, પણ ખબર છે મારું દિલ ઘવાયું હતું!

આપણામાં એ લૈલા એ મજનૂ નથી, જેણે બદનામ થઈ મેળવી નામના,
એકબીજાંનાં બંને દીવાના હતાં, આપણાથી ક્યાં એવું થવાયું હતું!

હું જ મારું મુકદ્દર લખું એટલે ખુદ વિધાતાએ પકડાવી દીધી કલમ,
મેં ખલીલ આજ લગ જે લખ્યું એ બધું, મારી મરજી મુજબનું લખાયું હતું!

■

ક્યાંકથી ભૂલો પડ્યો ટહુકો નગરના ચોકમાં,
જાવ કોયલને હવે શોધો નગરના ચોકમાં!

એ નદીનું જ્યારથી પાણી સુકાયું ત્યારથી,
તારો હું જોયા કરું રસ્તો નગરના ચોકમાં!

આપણે બે પળ મળ્યાં એકાંતમાં એમાં તો જો,
કેવા ચકડોળે ચડ્યા લોકો નગરના ચોકમાં!

હાથ જોડી આયનાને પણ મારે કહેવું પડ્યું,
ખોઈ બેઠો યાર, હું ચહેરો નગરના ચોકમાં!

ચાંદ પર જાનાર વૈજ્ઞાનિકને કૈ દો કાનમાં,
આવ જોવા ચાંદનો ટુકડો નગરના ચોકમાં!

હું નગર છોડી મહાનગરીમાં આવીને વસ્યો,
એ પછી ક્યાં થાય છે જલસા નગરના ચોકમાં!

ના, ખલીલ અંજામની પરવા ન કરશો સ્હેજ પણ,
લો ઉછાળો પ્રેમનો સિક્કો નગરના ચોકમાં!

■

મોર સૌ ટહુકા કરે તારી ગલીમાં,
કાગડા પણ કરગરે તારી ગલીમાં!

તેં કદી એની તો પરવા ક્યાં કરી છે,
કોઈ જીવે કે મરે તારી ગલીમાં!

બારીના પડદાની પાછળ છાનેછાનું,
દૃશ્ય કોઈ થરથરે તારી ગલીમાં!

આવું તો ઇન્દરસભામાં પણ નથી,
અપ્સરા પાણી ભરે તારી ગલીમાં!

હોઠ પર છે સ્મિત, છાતીમાં ડૂમો,
આંખથી કાજળ ઝરે તારી ગલીમાં!

બારણે પૂછ્યું કે ક્યાં ચાલ્યા હો રાજન,
મેં તો કૈ દીધું ઘરે, તારી ગલીમાં!

એ ખલીલ આવી ચડે તો રોજ સાંજે,
સૂર્ય પણ પાછો ફરે તારી ગલીમાં!

■

લો તમે બેસો, હું ચાદર પાથરું, બેસો જરા,
કંઈક તો ચાપાણી જેવું વાપરું, બેસો જરા!

સાવ અધ્ધર શ્વાસે ઉભડક બેસવાનો અર્થ શું,
શ્વાસ તો લો, ને નિરાંતે પાધરું, બેસો જરા!

ખુદનું ઘર સમજીને બેસો, આમ શરમાવાનું શું?
હું સમયની પાંખ થોડી કાતરું, બેસો જરા!

આપ આવો, અથવા બોલાવો તો મળીએ આપણે,
આ રીતે મળવાનું લાગે આકરું, બેસો જરા!

તમને સાંગોપાંગ હું શબ્દોથી શણગારી દઉં,
હું ગઝલ જેવી રસમને ચાતરું, બેસો જરા!

લો તમે પણ જે અપેક્ષા હોય તે પૂરી કરો,
હું ય મારા હકને માટે આચરું, બેસો જરા!

હા, બધી વાતે સુરક્ષિત છો તમે ડરશો નહીં,
માથે નૈ તૂટી પડે આ છાપરું, બેસો જરા!

હું ખલીલ આશિક છું, એવું એમને કહેવું પડે,
પણ વિચારું છું કે ક્યાંથી આદરું, બેસો જરા!

■

આંખ જો આંખને અડકે તો મને ના કહેતા,
દિલમાં કંઈ કંઈ થવા લાગે તો મને ના કહેતા!

મારો નંબર તમે લીધો છે પરંતુ એમાં,
મારો પરસેવો જો મહેકે તો મને ના કહેતા!

હું અગર હોઠ પણ ખોલું તો શિકાયત કરજો,
દર્દ જો આંખથી છલકે તો મને ના કહેતા!

આપ ખુદ યાદોનું ચોમાસું ભરી બેઠાં છો,
તમને એ ભીંજવી નાખે તો મને ના કહેતા!

મેં અમસ્તું કહ્યું તમને કે તમે સુંદર છો,
તમને એ વહેમ જો વળગે તો મને ના કહેતા!

કાનની વાત પણ લોકોની નજરમાં રણકી,
વાત એ ઘર સુધી પહોંચે તો મને ના કહેતા!

છે ખલીલ એમનો વિશ્વાસ બહુ તકલાદી,
હાથતાળી દઈ છટકે તો મને ના કહેતા!

■

જિન્દગીને બોચીએ પકડો તો શાબાશી મળે,
મોતના પંજામાંથી છટકો તો શાબાશી મળે!

હાથમાં આવી ગયો ત્રિકોણનો ત્રીજો ખૂણો,
પણ હવે ચોથો ખૂણો સર્જો તો શાબાશી મળે!

ખોબે નેવાં ઝીલવાં તો બાળપણની છે રમત,
પાણીની એ ધાર પર લટકો તો શાબાશી મળે!

ઝૂંપડાં તોડો છો, એમાં ક્યાં કશી મર્દાનગી,
શ્હેરમાંથી ઘરડાઘર તોડો તો શાબાશી મળે!

જોક સંભળાવી હસે તેને હસાવો છો તમે,
કો' ગરીબનાં આંસુઓ લૂછો તો શાબાશી મળે!

જાગરણમાં તો બધા ભેગા મળી જલસા કરે,
મારી માફક એકલા જાગો તો શાબાશી મળે!

ના ખલીલ, આવું ઉપરછલ્લું કશું ચાલે નહીં,
મનને સ્પર્શે એવું સંભળાવો તો શાબાશી મળે!

■

મેં રદીફને ઊભી રાખી વાટમાં,
આવવા દે કાફિયાને ઘાટમાં!

એ હવાના વેશમાં આંધી હતી,
ઓળખાઈ ગઈ હતી સુસવાટમાં!

ના, હું સ્વપ્નામાં નથી બોલ્યો કશું,
નામ તારું દઈ દીધું ગભરાટમાં!

હું મને ભૂતકાળમાં જઈને મળ્યો,
પોઢ્યો'તો બિસ્તર વગરની ખાટમાં!

શાંતિ, એકાંત જેવું કંઈ નહીં,
મેં ઘણી ગઝલો લખી ઘોંઘાટમાં.

હું ખલીલ અણનમ રહ્યો બહેક્યો નથી,
છું સુરક્ષિત દાદના તરખાટમાં!

■

મિલનની રેશમી યાદો સતાવે તો ફરી મળીએ,
પરસ્પર જીદ જો છૂટે ને ફાવે તો ફરી મળીએ!

ન કંઈ આદર ન અવગણના સહજ રીતે સરળ રીતે,
પરસ્પરની ખુમારી રાસ આવે તો ફરી મળીએ!

નવેસરથી મુલાકાતો, નવેસરથી નવી વાતો,
ફરીથી દિલ નવી ધાંધલ મચાવે તો ફરી મળીએ!

સમય પોતે નવેસરથી ફરી નાડાછડી બાંધે,
મિલનના માંડવે તોરણ સજાવે તો ફરી મળીએ!

હું એને રીઝવું એની જ મનગમતી અદાઓથી,
મને પણ મારી રીતે એ મનાવે તો ફરી મળીએ!

ફરી પાછાં વિખૂટાં ના થવાની શરતે મળવું છે,
મળીને સાથ છેવટ લગ નિભાવે તો ફરી મળીએ!

મારી ઇચ્છા વિશે મારે જે કહેવું'તું કહી દીધું,
ખલીલ એના તરફથી એ જણાવે તો ફરી મળીએ!

■

આકાશ પર ભલેને નજર હોવી જોઈએ,
રસ્તાની ધૂળનીય કદર હોવી જોઈએ!

તોપોની પણ કલમ તો ખુશામત કરે નહીં,
તારી કલમ તો યાર નીડર હોવી જોઈએ!

સાચા હૃદયની ભાવના પહોંચે ખુદા સુધી,
ટૂંકી દુવામાં લાંબી અસર હોવી જોઈએ!

ઊભા છે ચાંદ કેટલા લાંબી કતારમાં,
એ વાતની તને ય ખબર હોવી જોઈએ!

હું ના કહું, દુવામાં મને યાદ રાખજે,
માની દુવા ય માગ્યા વગર હોવી જોઈએ!

મૃત્યુ પછી ય લાલસા ઓછી થતી નથી,
આવી નહીં ને આવી કબર હોવી જોઈએ!

આશા ઉપર આ જિન્દગી આખી નભી ગઈ,
આશા ખલીલ સૌની અમર હોવી જોઈએ!

■

ભૂતવાળા મકાનમાં રહીએ,
એ રીતે સૌના ધ્યાનમાં રહીએ!

કેમ એના નિશાનમાં રહીએ,
તીર થઈને કમાનમાં રહીએ,

આપણે તો કલમના પયગમ્બર,
આપણે કેમ મ્યાનમાં રહીએ!

નિંદકો ને પ્રશંસકો સાથે,
હર કોઈની જબાનમાં રહીએ!

એ ભલે લાખ સ્મિત છલકાવે,
આપણે ખુદના માનમાં રહીએ!

એની આંખો ગજબની તોફાની,
ચાલ આંધી-તૂફાનમાં રહીએ!

મીર-ગાલિબને માઠું નહિ લાગે,
આપણે પણ દીવાનમાં રહીએ!

શું ફરક છે ખલીલ આપણને,
શંખમાં કે અઝાનમાં રહીએ!

■

ચાંદ ઊતરે છે મારી છત પર તને કોણે કહ્યું,
પાથરે છે ચાંદની બિસ્તર તને કોણે કહ્યું?

બારી દરવાજા દીવાલો સાવ તંદુરસ્ત છે,
રાતભર કણસે છે મારું ઘર તને કોણે કહ્યું?

મેં વીતાવી સાવ ઠંડી રાત જેની હૂંફથી,
કોઈ એ તાણી ગયું ચાદર તને કોણે કહ્યું?

હા, ઉપાસક છું તારા સૌંદર્યનો હું એકલો,
બોલ તું મારા વગર સુંદર તને કોણે કહ્યું?

ફૂલની ખુશબૂય તારા ધ્યાનમાં આવી નહીં,
મારી મુઠ્ઠીમાં હતો પથ્થર તને કોણે કહ્યું?

જન્મભૂમિ છે મારી ધનતેજ સૌ જાણે છે પણ,
જન્મતારીખ બાર ડિસેમ્બર તને કોણે કહ્યું?

જો ખલીલ અલ્લાહ તારી સામે બેઠો હોય તો,
દૂર બેઠો છે મારો ઈશ્વર તને કોણે કહ્યું?

■